# અમદાવાદ (ગ્રામ્ય)મહે. સાતમા એડી સીની સીવીલ જજ અને એડી ચીફ જ્યુડી મેજી. મુ.અમદાવાદ

ક્રિમીનલ કેસ નંબર : 14589

_ આ કામે આરોપી સામે બી.એન.એસ એકટ ૨૮૧ તથા એમ.વી.એકટની કલમ ૧૭૭,૧૮૪ મુજબનો ચાર્જશીટ રજુ કરેલ છે.

મજકુર કામે આજરોજ આરોપીએ હાજર થઈ કબુલાત પુરસીસ રજુ કરી પોત ગુનો કબુલ કરતા હોવાની હકીકત જણાવેલ છે તેમજ તેઓએ રજુઆત કરેલ છે કે તેઓ પોતે ગરીબ વર્ગના છે અને કુટુબ ની જવાબદારી તેમના શીરે છે કાયદા પ્રત્યે માન છે અજાણતા મજકુર ગુનો થયેલ છે તેનો પસ્તાવો વ્યકત કરે છે.અને ભવિષ્યમા આવા કોઈ ગુનાહીત કૃત્ય કરશે નહી તેવી ખાત્રી આપે છે.આરોપીનુ નિવદેન લેતા તેની કબુલાત સ્વૈછીક હોવાનુ તથા તેને કોઈ લાલચ કે પ્રલોભન કોઈએ આપેલ નહી હોવાનુ જણાઈ આવે છે આરોપીને ગુનાની સજાની જોગવાઈઓ બાબતે માહીતગાર કરવામાં આવેલ હોવા છતાં પોતે સ્વૈચ્છીક કબુલાત કરતો હોવાનુ જણાઈ આવતુ હોય હાલની કબુલાત રેકર્ડ કરવામા આવે છે. આરોપીની રજુઆત તેની સામાજીક અને આર્થીક સ્થિતી અને જે સંજોગોમા ગુનો બનવા પામેલ છે તે તમામ હકીકતે ધ્યાને લેતાં આરોપીને ઓછામા ઓછી સજા કરવા માટેનો યોગ્ય હોવાનુ જણાય છે અને નામદાર ગુજરાત હાઈકોર્ટ ધ્વારા આપવામાં આવેલ ૨૦૦૫ (૧) જી.એલ.આર ૭૦૯ સ્ટેટ ઓફ ગુજરાત વિ. નટવર હરીચન્દ્ર ઠાકોરના પ્રકાશીત થયેલ છે તે ધ્યાને લેતાં આરોપીને આવા કિસ્સાનમા ન્યુનતમ સજા કરતા પણ ઓછી સજા કરી શકાય તેમ હોય આરોપીની કબુલાતને ધ્યાને લઈ ક્રિ.પો.કોડની કલમ ૨૫૨ અન્વયે તકસીરવાન ઠરાવી નીચે મુજબનો આખરી હુકમ ફરમાવુ છુ.

## હુકમ

આ કામે આરોપી ને **બી.એન. એસ.એસ કલમ ૨૭૮(૨)** અન્વયે તકસીરવાન ઠરાવી **બી.એન.એસ એકટ ૨૮૧ તથા એમ.વી.એકટની કલમ ૧૭૭,૧૮૪** મુજબ ના ગુનામાં રુ....**૫૦૦...**/- અંકે રુપીયા **પાંચસો પુરા** પુરાનો દંડ કરવાનો અને જો દંડની રકમ ભરવામાં કસુર કરે તો તે બદલ **દિન- ૨** ની સાદી કેદની સજાનો હુકમ ફરમાવવામાં આવે છે.

આ કામે વેલ્યુબલ મુદામાલ અંગે જો કોઈ હુકમ અગાઉ કરવામાં આવેલ હોય તો તે આથી કાયમ કરવામાં આવે છે. અને જો ના થયેલ હોય તો તે બાબતે માલીકી પણાની ખાતરી કરી તેના અસલ માલીકને પરત કરવો તેમજ રોકડ નાણા સરકાર ખાતે ખાલસા કરવામાં આવે છે.તેમજ બાકીનો મુદામાલ અપીલ સમય બાદ નાશ કરવાનો હુકમ કરવામા આવે છે

આ હુકમ આજરોજ તારીખ: 13-12-25 ના રોજ સ્પેશીચલ સીટીંગમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.સંભળાવી સહી કરી ઘોષીત કર્યો.

તા.13-12-25
અમદાવાદ.

**(એસ.શર્મા)**
**સાતમા એડી ચીફ જ્યુડી મેજી.**
**અમદાવાદ (રુરલ)**